# વીરાંગના મેના... દેશભક્તિની ઝળહળતી જ્વાળા

– હર્ષદ પ્ર. શાહ



ભારતના સ્વતંત્રતા-સંગ્રામની એક તેજસ્વી ચિનગારી એટલે મેના. આઝાદીની લડાઈમાં અસંખ્ય સ્ત્રી, પુરુષ અને બાળકોએ પોતાનાં બલિદાન આપ્યાં છે. એમનું પુણ્યસ્મરણ આપણને રોમાંચિત કરી જાય છે એટલું જ નહિ, પ્રેરણાનું પીયૂષ પણ પીવડાવી જાય છે.

કુમારી મેના નાનાસાહેબ પેશવાની પુત્રી હતી. માત્ર ચૌદ-પંદર વર્ષની ઉંમરે એ માતૃભૂમિના ચરણે સમર્પિત થઈ ગઈ. મેનાવતીની ગાથા અંગ્રેજોની હેવાનિયત અને દુષ્ટતાનું દર્દભર્યું ઉદાહરણ છે. ધર્મ અને માનવતાના માર્ગે ચાલતાં મેનાએ રાષ્ટ્રહિત માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરી દીધા.

ક્રાંતિવીરોએ જ્યારે ઝાંસી પછી કાનપુર પર કબજો મેળવ્યો અને નાનાસાહેબને કાનપુરની ગાદીએ બેસાડ્યા ત્યારે ક્રાંતિકારીઓ કેટલીક અંગ્રેજ મહિલા અને બાળકોને દંડ કરવા પકડીને લઈ આવ્યા. એ સમયે નાનાસાહેબે કહ્યું, “સ્ત્રીઓ અને બાળકોને મારવા એ કાયરતા જ

નહિ, પાપ પણ છે. પ્રભુ એને માટે આપણને ક્યારેય માફ નહિ કરે.''

આવું બોલીને નાનાસાહેબે પુત્રી મેનાવતીની પીઠ પર પ્રેમથી હાથ ફેરવતાં કહ્યું, ''જો, મેના ! આપણું વેર અંગ્રેજો સાથે છે. આપણી પરંપરા આપણને એવું શીખવે છે કે આપણે સ્ત્રીઓ અને બાળકો પર હાથ ન ઉપાડીએ. મારે અત્યંત આવશ્યક કાર્ય માટે બિઠુર (બ્રહ્માવર્ત) જવું છે. જોન લોરેન્સની ફોજ પંજાબથી રવાના થઈ ગઈ છે. નિકલસન પણ કદાચ એને મદદ કરવા આગળ આવી રહ્યો છે. જો આ બંને મળી જશે તો ક્રાંતિના આપણા પ્રયત્નો નિષ્ફળ થઈ જશે. દિલ્હીની સેના આમોદ-પ્રમોદમાં ડૂબેલી છે. બહાદુરશાહ એમને માર્ગદર્શન નહિ આપી શકે. માટે મારે આજે રાત્રે જ અહીંથી નીકળવું છે. ક્રાંતિકારી પ્રયત્નો વેરવિખેર છે. એનું સંકલન કરવું જ રહ્યું. તો જ ફિરંગીઓનો આ અત્યાચાર મિટાવી શકાશે.''

ક્રાંતિકારી યોજનાની વાત પુત્રી સાથે કરતાં કરતાં નાનાસાહેબની આંખોમાં પુત્રીની કર્તવ્યદક્ષતા અને ચાતુર્ય માટેનો વિશ્વાસ ડોકિયું કરતો હતો. મેનાવતી ગંભીરતાથી પિતા તરફ જોઈ રહી. બાલ્યકાળની સહજ ચંચળતા વચ્ચે પણ એ પોતાની જવાબદારીથી સભાન હતી. એ બોલી, ''પિતાજી ! આપ નચિંત રહો. હું મારા છેલ્લા શ્વાસ સુધી કિલ્લાનું રક્ષણ કરીશ. લક્ષ્મીદીદી પાસેથી મને સરસ શિક્ષણ મળ્યું છે. આપ જાઓ. પણ, ખબર નહિ... પછી ક્યારેય મળીશું ?'' ...અને મેનાની આંખમાંથી અશ્રુબિન્દુ સરી પડીને પિતાજીનાં ચરણ પર પડ્યાં !

પુત્રીને ગળે લગાવીને રુંધાયેલા સ્વરે નાનાસાહેબ બોલ્યા, ''બેટી ! માતૃભૂમિનું ઋણ ચૂકવવાનું છે. છત્રપતિ શિવાજીની પરંપરા નિભાવવાનો આપણો પેશવાઓનો ધર્મ છે. ચિંતા ન કરીશ. ભગવાન બધું સારું જ કરશે.''

તાત્યા ટોપે પોતાની મજબૂત સેના લઈને નાનાસાહેબને મળવા કાનપુરના રસ્તે ચાલી નીકળ્યા. બિઠુરમાં સેનાઓનું સંમેલન કરવાનું નક્કી થયું હતું. એ સંયુક્ત સેનાઓની મદદથી હેવલૉક અને કેમ્પબેલની અંગ્રેજ સેનાઓને પરાસ્ત કરવાની યોજના હતી. લખનૌ અને દિલ્લીનાં સૈન્યોને પણ આ પ્રક્રિયામાં જોડીને વિશાળ યુદ્ધનું આયોજન ગોઠવાયું હતું, પરંતુ રસ્તામાં ઘનઘોર વરસાદે માર્ગમાં અવરોધ ઊભો કર્યો અને કેમ્પબેલે તાત્યાની સેનાનો માર્ગ રોક્યો. કાનપુરથી થોડા માઈલ દૂર દક્ષિણમાં ભયંકર યુદ્ધ થયું, જેમાં તાત્યાએ પીછેહઠ કરવી પડી. પરિણામે નાના અને તાત્યાનું મિલન ન થઈ શક્યું. કેમ્પબેલની સેનાના અડધા સૈનિકો કાનપુર તરફ આગળ વધ્યા. જોન લોરેન્સ અને જોન નિકલસનની મદદ હડસનને મળી ગઈ અને એમણે દિલ્લી ઉપર

આક્રમણ કર્યું. બહાદુરશાહના બે પુત્રોને દગાથી મારી નાખવામાં આવ્યા. બહાદુરશાહને પણ પકડી લેવામાં આવ્યા.

આ તરફ મેનાવતીએ કાનપુરના કિલ્લાનો પાકો બંદોબસ્ત કરી લીધો હતો. હેવલોકે પહેલી વાર જ્યારે ક્રાંતિકારીઓ પાસેથી કાનપુરનો કિલ્લો જીત્યો ત્યારે પોતાની સામગ્રી, સરંજામ તથા અંગ્રેજ પરિવારોને ત્યાં જ છોડીને ગયો હતો. નાનાસાહેબ પેશવા અને તાત્યા ટોપેએ તેના પર ફરી અધિકાર કરી લીધો હતો. ૨ જૂન, ૧૮૫૭ના દિવસે કાનપુર સ્વતંત્ર ઘોષિત થયું. અંગ્રેજ પરિવારોની સુરક્ષિતતાનો ભાર સ્વયં નાનાસાહેબે સંભાળ્યો હતો અને હવે એ ભાર મેનાવતી પર હતો. તેણે બધા પરિવારોનું પ્રેમપૂર્વક સંરક્ષણ કર્યું હતું, પરંતુ ક્રાંતિસેનાના સૈનિકોમાં અંગ્રેજો પ્રત્યેનો વિદ્વેષ અને વેરભાવ એટલો પ્રબળ બની ગયો હતો કે તેઓ અંગ્રેજ સ્ત્રીઓ અને બાળકોનો સમૂળગો નાશ કરવા ઈચ્છતા હતા. આ જોઈને મેનાએ અંગ્રેજ પરિવારોને કાનપુરની બહાર મોકલવાનો નિર્ણય કર્યો. પરિવારો પણ એવું જ ઈચ્છતા હતા. મેનાવતીનાં આત્મીય વ્યવહાર અને મધુર વાણીથી તેઓ બધા પ્રસન્ન હતા.

મેનાએ પોતાના અંગરક્ષક માધવને કહ્યું, “આપણે આ પરિવારોને બ્રહ્માવર્તના મહેલમાં સુરક્ષિત જગ્યાએ પહોંચાડીને તુરત જ પાછા ફરીએ. પછી હું આ અત્યાચારી ફિરંગીઓને એક એક કરીને મારીને બદલો લઈશ....”

મેનાના આવા શબ્દોના ઉચ્ચારણ સાથે જ ત્યાં અચાનક કમાન્ડરના નેતૃત્વમાં અંગ્રેજની સેના આવી પહોંચી. તેની સાથે જનરલ આઉટરમ પણ હતો. એ એક ખૂંખાર અંગ્રેજ અધિકારી હતો. એણે ભારતીય ક્રાંતિકારીઓને પાઠ ભણાવવાની પ્રતિજ્ઞા કરી હતી. તેણે મહેલને ચારે બાજુથી ઘેરી લીધો. મેના અને માધવને પણ ઘેરી લીધાં. માધવે સૈનિકોનો સામનો કર્યો અને લડતાં લડતાં વીરગતિ પામ્યો. મેનાને અંગ્રેજોએ બંદી બનાવી.

કોઈ દેશદ્રોહી ગદ્દારે અંગ્રેજોને એવી માહિતી પહોંચાડી હતી કે નાનાસાહેબ પોતાના ક્રાંતિકારી સહયોગીઓ સાથે મહેલમાં છે. પણ નાનાસાહેબ તો મેનાને જવાબદારી સોંપીને ચાલી નીકળ્યા હતા. અંગ્રેજ સૈનિકો મહેલનો ખૂણે ખૂણો ખૂંદી વળ્યા પણ કોઈ ન મળ્યું. અંગ્રેજોને જ્યારે ખબર પડી કે મેના નાનાસાહેબની પુત્રી છે ત્યારે એમના આનંદનો પાર ન રહ્યો. એમને હતું કે મેના પાસેથી ક્રાંતિકારીઓની બધી માહિતી મેળવી શકાશે અને વિદ્રોહીઓને પકડવાનું સહેલું થશે. પણ મેના તો પેશવાની દીકરી હતી. જ્યોત પણ હતી, ને જ્વાળા પણ હતી. અંગ્રેજોએ એને

જાતજાતની લાલચો આપી. ખૂબ ધમકીઓ આપી. પણ મેના ટસથી મસ ન થઈ. પર્વતની જેમ અડગ રહી.

એને એક ઝાડ સાથે બાંધી દેવામાં આવી. ભયંકર યાતનાઓ આપવામાં આવી. તરસથી એનું ગળું સુકાઈ ગયું. હોઠ પર પોપડીઓ જામી ગઈ. પણ કલાકો સુધી એને પાણીનું એક ટીપું પણ આપવામાં ન આવ્યું.

હવે એને વધુ ડરાવવા માટે ઝાડની ચારે બાજુ લાકડાં ગોઠવી ચિતા બનાવવામાં આવી. અંગ્રેજ અફસરે પૂછ્યું, "હજુ પણ સમય છે, બતાવ... નહિ તો જીવતી સળગાવી દઈશું." ઉત્તરમાં મેના એના ઉપર થૂંકી. છેવટે ચિતામાં અગ્નિ પેટાવવામાં આવ્યો. મેનાએ હોઠ દાબી દીધા... પણ, અગ્નિના દાહમાં ઉંહકારો સુદ્ધાં ન કર્યો. ચિતામાં અડધી સળગી ગયેલી મેનાને બહાર કાઢીને ફરીથી પૂછવામાં આવ્યું કે ક્રાંતિકારીઓ ક્યાં છે તે બતાવી દે, તો હજુ પણ જીવતી છોડી દઈએ. પણ દૃઢપ્રતિજ્ઞ મેનાના મુખમાંથી એક શબ્દ પણ ન નીકળ્યો. હારવાનું કે ભાંગી પડવાનું જાણે એના લોહીમાં ન હતું. એ અંગ્રેજોની સામે વિચિત્ર રીતે હસી પડી. એણે કહ્યું, "તમારે જે કરવું હોય તે કરો... હું તમને કાંઈ જ નહિ કહું."

...અને, એને ફરીથી સળગતી ચિતામાં નાખી દેવામાં આવી.

મેના બળીને ખાખ થઈ ગઈ... પણ એને આગમાં જીવતી સળગાવી દેનાર અંગ્રેજ અધિકારીને એવું લાગ્યું કે જાણે એ નાની એવી છોકરીએ એના ગાલ ઉપર જોરદાર તમાચો ન માર્યો હોય ! શરણાગત અંગ્રેજ સ્ત્રીઓ અને બાળકોની આંખોમાં પણ આંસુ આવી ગયાં. મેનાએ જ તો એમને મારી નાખવાને બદલે સુરક્ષિત રાખ્યાં હતાં ! એમને દુઃખ હતું કે અનેક અંગ્રેજ સ્ત્રીઓ-બાળકોને બચાવનાર દેવદૂત જેવી બાલિકાને તેઓ ન બચાવી શક્યાં.

ભારતને એની બેટી મેના પર હંમેશ માટે ગર્વ રહેશે. સ્વાતંત્ર્યની એક દિવ્ય જ્યોતિ અગ્નિની જ્યોતમાં વિલીન થઈ ગઈ. બે જ્યોતનું અપૂર્વ મિલન હતું.

વાતાવરણમાં એક અજ્ઞાત સ્વર ગૂંજી રહ્યો હતો -

"स्वातन्त्र्याय स्वाहा ।
स्वातंत्राय इदं न मम ॥"

**– સૌજન્ય : ૧૮૫૭ના મહાસમરના ક્રાંતિવીરો**